Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# આદિવાસીપ્રજામાં શિક્ષણદીપ પ્રગટાવનાર જ્યોતિર્ધર : સુમનભાઇ ભારતી

**ડો.તૃપ્તિબેન.આર.આચાર્ય**
આહિર નિવાસ, નિસરાયા, તા.બોરસદ, જી.આણંદ

***સારાંશ :*** *ભારતની આઝાદી પૂર્વે ગાંધીજીએ દેશવાસીઓ માટે જે શિક્ષણ પદ્ધતિ આપી હતી તે પાયાની કેળવણી તરીકે ઓળખાય છે. શરૂઆતના તબક્કામાં સુમનભાઇ જેવા ગાંધી વાદી કાર્યકરોએ આ શિક્ષણ પદ્ધતિના પ્રચાર અને પ્રસારમાં ઘણું યોગદાન આપ્યું છે. જેની છણાવટ પ્રસ્તુત સંશોધનલેખમાં કરવામાં આવી છે. પાયાની કેળવણી દ્વારા સુમનભાઇએ ગુજરાતનાં અંતરિયાળ અને જંગલાચ્છાદિત પ્રદેશોમાં જઇ ત્યાંની આદિવાસી પ્રજાના જીવનમાં શિક્ષણનો ફેલાવો કરી તેમને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું કાર્ય કર્યું છે.સુમનભાઇએ સ્થાપેલાં આશ્રમો દ્વારા વર્તમાન સમયમાં પણ બાળકો શિક્ષિત થઇ રહ્યા છે અને એક આદર્શ નાગરિક તેમજ વ્યક્તિ તરીકે સમાજમાં ઉમેરાઈ રહ્યા છે,તે સુમનભાઈની ઉપલબ્ધિ છે અને તે જ તેમને સાચી શ્રધ્ધાંજલી છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *પાયાની કેળવણી, બુનિયાદી શિક્ષણ, બોરિસાવર, તીતવા.*

**પ્રસ્તાવના:**

આજે કદાચ આપણાં જીવનનાં બધાં ક્ષેત્રોમાં શિક્ષણનું ક્ષેત્ર એવું છે, જેમાં વધુમાં વધુ ગૂંચવાડા પ્રવર્તે છે. એની સાથે સંકળાયેલા સૌ કોઇને આજે જે ચાલી રહ્યું છે. એનાથી અસંતોષ છે પછી તેઓ વિદ્યાર્થી હોય, શિક્ષકો હોય, મા-બાપ હોય, આમ જનતા હોય કે સરકાર હોય. એનું કારણ એ તો ન જ હોય કે આપણે શિક્ષણનો સાચો અર્થ જ બરાબર સમજ્યા ન હોઈએ અને એણે વ્યક્તિગત અને સામાજિક કયું પ્રયોજન સિધ્ધ કરવાનું છે તે પણ આપણે બરાબર સમજ્યા ન હોઈએ ?[૧] શિક્ષણનું પ્રથમ પ્રયોજન ઉછરતા બાળકનો ભાવિ નાગરિકનો ચાલુ અથવા નવી ઊભી કરવા ધારેલી સમાજવ્યવસ્થામાં પ્રવેશ કરાવવાનું છે. બાળકનું શિક્ષણ તેના જન્મથી જ શરૂ થઇ જાય છે. શિક્ષણ સંસ્થાઓ તો જે પ્રક્રિયા કુટુંબમાં મા-બાપ, મિત્રો અને પડોશીઓએ શરૂ કરી હોય છે તેને આગળ ચલાવવાનું જ કામ કરે છે. બાળકોને કેળવવા માટે જે રીતો વાપરવામાં આવે છે તે આજના જમાનામાં વધુ વૈજ્ઞાનિક અને ઊછરતા બાળકના માનસને વધુ અનુકૂળ બનતી જાય છે.[૨]મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્ય મળ્યું તે પહેલાં દેશ સમક્ષ સાર્વત્રિક શિક્ષણની એક યોજના રજૂ કરી હતી. જે લોકશાહી અને સમાજવાદી ઢબની હતી. તે વખતે એ યોજનાનો કોંગ્રેસે પુરસ્કાર કર્યો હતો. આ નવી શિક્ષણપદ્ધતિ જે 'નઈ તાલીમ' ના નામે ઓળખાય છે. આ નવી શિક્ષણ પદ્ધતિમાં કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા હતા. અને તેમાં માલૂમ પડ્યું હતું કે હાલની ચાલુ નિષ્ક્રિય અને નિષ્પ્રાણ અંગ્રેજી શિક્ષણ પદ્ધતિ કરતા આ નઇ તાલીમમાં બાળક વધુ સારી રીતે અને વધુ ઝડપથી શીખે છે.[૩] પ્રસ્તુત લેખમાં નઇ તાલીમના અમલીકરણ અને તેના પ્રચાર અને પ્રસારમાં પાયાના કાર્યકર રહેલા એવા સુમનભાઈની ચર્ચા કરવામાં આવી છે. સુમનભાઇ ભારતીનો જન્મ હાલના ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે એક વણકર પરિવારમાં તા.૨૪-૦૧-૧૯૨૧ના રોજ માતા મોંઘીબહેનની કૂખે થયો હતો. તેમના પિતાનું નામ મોરારજીભાઈ હતું. સુમનભાઈ ભારતી નારદીપુર ગામના વણકરવાસમાં માટીના ખોરડામાં જન્મ્યા હતા. કાદવમાં જેમ કમળ ખીલી ઉઠે અને ધરતીને સુંદર આકર્ષક બનાવે તેમ અછૂત કુટુંબમાં જન્મેલ આ કમળરૂપી નાનકડું સુમનભાઈરૂપી ફૂલ ખીલવા લાગ્યું હતું. યુવાન સુમનભાઇ મજૂર મહાજનની નોકરી છોડીને ગાંધીજીના સામાજિક ઉત્થાનના કાર્યમાં જોડાયા હતા અને તેનાજ ભાગરૂપે તેમણે દક્ષિણ ગુજરાતની આદિવાસી પ્રજામાં શિક્ષણની જ્યોત પ્રગટાવી હતી.

**રેંટિયા મંદિર તીતવા આશ્રમશાળાની સ્થાપના**

હિંદ છોડો લડતની સમાપ્તિના સમયમાં ગાંધીજીએ સૌ આગેવાનોને જેલ જવાને બદલે ગામડે જઈને ત્યાં સ્થાઈ થઈને રચનાત્મક કાર્યો કરવાનો આદેશ આપ્યો હતો. સુમનભાઈ ભારતીએ પોતાની જેલની સજા પૂરી કર્યા બાદ તરત જ વેડછી પહોંચીને ગામડે જવાનો અભિગમ અપનાવ્યો હતો અને તે માટે તેમણે વેડછીની બાજુમાં આવેલા તીતવા ગામની પસંદગી કરી હતી. સુમનભાઈએ પ્રજાની વચ્ચે રહીને ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ માટે ગામ લોકોને તૈયાર કરવાનો દૃઢ નિર્ધાર કર્યો હતો. સુમનભાઈએ સ્વરાજને સુરાજ્ય બનાવવા અને પ્રજાને તેને લાયક બનાવવા માટેના અનેકવિધ ઉપાયો આદર્યા હતા. તેમાં રચનાત્મક કાર્ય માટે તેમણે 'પ્રજા દ્વારા પ્રજાનો વિકાસ' અને 'લોકો દ્વારા લોકોનો વિકાસ' નો વિચાર અપનાવ્યો હતો. આ દૃષ્ટિએ આઝાદીમાં પણ આઝાદીના અહેસાસને ગરીબના ઘર સુધી પહોંચાડી અને તેમનામાં સમાજના સામાન્ય પ્રવાહમાં ભળવાની ક્ષમતા કેળવાય અને તેમાં પણ ગામના સમાજના પછાતમાં પછાત અને ગરીબોમાં પણ ગરીબ પરિવારોના વિકાસને પહેલી અગ્રિમતા આપવાની રીતે ગરીબ વસ્તીવાળું ગામ પ્રથમ પસંદ કરવું એ વિચાર નજર સમક્ષ રાખતાં અન ટુ ધી લાસ્ટ 'અંત્યોદય'ની રીતે ખેતમજૂરો અને આદિવાસી વસ્તી ધરાવતું તીતવા નામનું નાનકડું ગામ પસંદ કર્યું હતું.[૪]

સુમનભાઈની તીતવા ગામની પસંદગી કરવા પાછળ કેટલાક ખાસ પરિબળો જવાબદાર હતા. જેમ કે તીતવા મઢી અને બાજીપુરા પાસે આવેલું એક અંતરિયાળ નાનકડું ગામ હતું. મહદ્અંશે ગામમાં આદિવાસી ચૌધરીઓની વસ્તી હતી. ગામમાં શિક્ષણની સુવિધાનો અભાવ હતો. ખેતી કરવા માટે પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ થતો હોવાથી જોઈએ એટલું ઉત્પાદન મળતું ન હતું. આરોગ્યને લગતી કોઈ સુવિધા તે સમયે ન હતી. ગામમાં લોકોને બે સમયનું ભોજન પણ સરળતાથી મળતું ન હતું. તથા ગામના લોકોમાં દારૂ - તાડીનું વ્યસન ખૂબ હતું તે ઉપરાંત સૌથી મોટી અને ચોંકાવનારી સમસ્યા ત્યાંના મૂળનિવાસી આદિવાસી ચૌધરીઓનું પોતાને સવર્ણ ગણાવતા શાહુકારો દ્વારા થતું શોષણ હતી. આમ તીતવા ગામ આવી અનેક નાની-મોટી સમસ્યાઓથી ઘેરાયેલું હોવાથી સુમનભાઈએ તીતવા ગામની પસંદગી કરી હતી.[૫] કારણ કે તે ગામમાં રચનાત્મક કાર્ય કરવા માટેના ઘણો અવકાસ હતો. ઉપરાંત તેઓને સુમનભાઈ ભારતી જેવા એક રચનાત્મક સુધારકની તાતી જરૂર પણ હતી.

સુમનભાઈએ જ્યારે તીતવા ગામની પસંદગી કરી ત્યારે ત્યાંની પરિસ્થિતિ ખૂબ દયાજનક હતી. ગામમાં માત્ર બે કે ત્રણ નળિયાવાળા મકાનો હતા. બાકીનાં બધા મકાનો વાંસ અને માટીના કાચા મકાનો હતાં. ગામમાં રોજગારીનું કોઈ નિશ્ચિત સાધન ન હતું. તેથી મોટાભાગના લોકો સ્યાદલા ગામના ભક્તોને ત્યાં નોકર-ચાકર રહીને પોતાનું જીવન વ્યતીત કરતા હતા. બાકીના થોડાક સવારથી સાંજ સુધી ધણિયામા (માલિક)ને ત્યાં મજૂરીએ રહીને જે મળે તેમાં સંતોષ માની લેતા હતા. નાના બાળકો ગોવાળિયાનું કામ કરતા અને સવારથી સાંજ સુધી ગ્રામજનો અને બીજા સવર્ણોની ભેંસો, ગાયો, બકરીઓ વગેરે ચરાવવાનું કામ કરતા હતા. ખોરાકમાં ત્યાંના લોકો મોટેભાગે ચોમાસાની ઋતુમાં ખેતરમાંથી પકવેલું થોડું અનાજ અને ધણિયામાને ત્યાંથી મળતા અનાજ પર નિર્ભર રહેતા. ધણિયામાની પ્રથાએ આ વિસ્તારના લોકોનું જીવન ગુલામીમય બનાવી દીધું હતું. લોકો ઘરનો પ્રસંગ કાઢવા માટે સવર્ણોને ત્યાંથી થોડા પૈસા લાવતા જેના બદલામાં તેમણે આખી જીંદગી કામ કરવું પડતું હતું. આને "હાળીપ્રથા" તરીકે પણ ઓળખવામાં આવતી હતી. તેમાં સ્યાદલાના ભક્તો કહેતા કે"તમારે શું કામ ભણવું અને શું કામ નોકરી કરવી? " તેઓને ત્યાંના લોકોને માત્ર ગુલામ રાખવામાંજ રસ હતો. તેથી ગામમાં કોઈ સુધારો કરતા નહિ અને કરવા દેતા પણ નહિ.[૬] આમ

સાચા અર્થમાં સુમનભાઈએ દરિદ્રનારાયણની સેવા કરવાનો સંકલ્પ સાધ્યો હતો તેથી તેમણે આવા દરિદ્રતાથી ખદબદતા તીતવા ગામને પસંદ કર્યું હતું.

શરૂઆતમાં સુમનભાઈએ ગામમાં જઈને સફાઈની કામગીરી ઉપાડી હતી. જેમાં જાહેર કૂવાની સફાઈ, જાહેર રસ્તાની સફાઈ તેમજ બિમાર અને રોગપ્રદ લોકોની સેવા પણ કરતા તે દરમ્યાન સુમનભાઈએ કેટલાક ગામના વડીલોની મુલાકાત પણ લીધી હતી જેમાં છાપતરામભાઈ રેશમાભાઈ, અમાસિયાભાઈ અને સોમાભાઇ મુખ્ય હતા. આ વડીલોને મળીને સુમનભાઈએ તેમના મનની વાત જણાવી હતી. અને ગામમાં આશ્રમ સ્થાપવાની ઈચ્છા દર્શાવી હતી. ગામના વડીલોને તેમના ઉદ્ધારની વાત ગળે ઉતારીને સુમનભાઈએ આશ્રમ સ્થાપવાની મંજૂરી મેળવી લીધી હતી અને તેમાં વડીલોએ પણ સંપૂર્ણ સાથ સહકાર આપવાની બાંહેધરી આપી હતી. વડીલો સાથેની ચર્ચામાં આશ્રમ માટેનું મકાન બાંધવા માટે કઈ જગ્યા પસંદ કરવી ? મકાન કેવું બાંધવું ? વગેરે જેવા પ્રશ્નોની છણાવટ ના અંતે છાપતરામભાઈનાં ઘરની પાછળ પડેલી જગ્યાએ મકાન બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મકાન બાંધવા માટે સમગ્ર ગ્રામજનો પાસે સુમનભાઈએ મદદ માંગી હતી. જેના ફળસ્વરૂપે આખું ગામ બીજા જ દિવસે ભેગું થઈ ગયું હતું. અને જેને જે મળ્યું તે પોતાના ઘરેથી લઈને હાજર થઈ ગયા હતા. શરૂઆતમાં મકાન બાંધવાની જગ્યા પર માત્ર માંડવો બાંધવાનું નક્કી કર્યું હતું અને બીજા દિવસે સૌ ગ્રામજનોના સહિયારા પ્રયાસ થી એક જ દિવસમાં માંડવો ઊભો કરી દેવાયો હતો.[૭] માંડવાનું કામ પૂર્ણ થતાં જ સુમનભાઈએ સૌને સાંજની પ્રાર્થનામાં ભેગા થવા માટેનું આમંત્રણ આપી દીધું હતું. અને એ પણ જણાવ્યું હતું કે જેની પાસે રેંટિયો હોય તે સાથે લેતા આવે. સુમનભાઈએ પ્રશ્ન કર્યો હતો કે કેટલા પાસે રેંટિયો છે ? તો ૧૫ થી ૧૭ જેટલા ગ્રામજનોએ તેમની પાસે રેંટિયો હોવાનું કહ્યું હતું પણ સાથે ઘણાપ્રશ્નો પણ હતા જેમ કે રેંટિયો ચાલતો નથી, પૂણી નથી વગેરે સુમનભાઈએ આ બધાને એ બંધ રેંટિયા લઈને આવવા કહ્યું હતું અને પૂણી આપવાનું પણ કહ્યું હતું. માંડવો બાંધ્યાની પ્રથમ સાંજથી જ સુમનભાઈએ બધાને પ્રાર્થના કરાવી હતી. ધૂન ગવડાવી હતી અને ભારતમાતા કી જય બોલાવડાવી હતી. ત્યારબાદ સુમનભાઈ એ પ્રાર્થનામાં પોતાનું પ્રવચન પણ આપ્યું હતું અને ગ્રામજનોનો આભાર માન્યો હતો. ગ્રામજનોને રોજ પ્રાર્થનામાં આવવા અને સૂતર કાંતવા માટે જણાવ્યું હતું અને જ્યારે મળીએ કે છૂટા પડીએ ત્યારે જય જય નો નાદ કરવા જણાવ્યું હતું અને સર્વ ગ્રામજનો તેમના કહેવા પ્રમાણે કરવા સહમત થયા હતા. અંતે બધા ગ્રામજનો જય જય કરી સર્વ પોતાને છાપરે ગયા હતા. આમ તીતવા આશ્રમની સ્થાપના ખૂબ જ થોડો સમય અને ઝડપી કામગીરીથી પૂરી કરવામાં આવી હતી. આ રીતે સુમનભાઈએ સર્વોદયની જ્યોત તીતવા ગામે પ્રગટાવી હતી.[૮]

દિન-પ્રતિદિન માંડવાની પ્રવૃતિમાં પ્રગતિ થતી રહી હતી. રેંટિયો કાંતનારાની સંખ્યામાં પણ ઘણો વધારો થતો ગયો હતો. નારણજી વસનજી ચૌધરી જ્યારે વિદ્યાર્થી ઉંમરના હતા ત્યારે આ માંડવામાં સુમનદાદા સાથે કાંતવા માટે જતા હતા અને તેમને કાંતતા જોઈને તેમના પિતાજી પણ તે કાર્યમાં જોડાયા હતા. તેમને કાંતતા શીખવાડયા બાદ તેઓ રોજનું ૨ આંટી જેટલું કાંતતા હતા. પહેલા તીતવાના ગ્રામજનો કન્યા આશ્રમમાંથી સૂતરની આંટી આપી સામે ખાદી લેતા હતા. પણ પાછળથી તીતવામાં જ વણકરો દ્વારા વણાટ શરૂ કરવામાં આવ્યું હતું. જેથી ત્યાંથી જ ખાદી મળી રહેતી હતી. આમ ગામમાં ઘણા ખરા કાપડની બાબતમાં સ્વાવલંબી બન્યા હતા. થોડુંક સૂતર ભેગું થાય એટલે વણકર ત્રણ-ચાર વ્યક્તિઓ પાસેથી આંટી લઈ સરખે ભાગે ખાદી વહેંચી આપતા હતા. આમ ધીરે ધીરે તીતવા આશ્રમ કાપડની બાબતે ખૂબ જ ઝડપથી સ્વાવલંબી બન્યો હતો અને ગામના લોકો ખાદી વણતા અને પહેરતા થયા હતા.[૯] તેથી ' રેંટિયા મંદિર તીતવા ' એવું આશ્રમનું નામ બરોબર સાર્થક થયું હતું.

**મોટાના શીઘ્ર શિક્ષણનો પ્રયોગ**

સુમનભાઈની આશ્રમશાળાઓમાં નવરાશના સમયમાં રાત્રિ શાળા અને સંસ્કાર કેન્દ્ર પણ ચાલતું હતું. જેમાં ઘણા મોટી ઉંમરના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આવા વિદ્યાર્થીઓ પૈકી ભણતાં ભણતાં ઘણાં વિદ્યાર્થીઓ ઊઠી ગયેલા અને સંજોગો પ્રમાણે મજૂરીએ જોડાયા હતા. જેમાંના ઘણા હોંશિયાર વિદ્યાર્થીઓ પણ હતા. જેમનો પ્રશ્ન સુમનભાઈની નજરમાં આવ્યો હતો. જેનું નિરાકરણ કરવા માટે સુમનભાઈએ જુગતરામભાઈનું ગ્રામસેવાના ૧૦ કાર્યક્રમો નામના પુસ્તકમાં આપેલા "મોટાના શીઘ્ર શિક્ષણનો" પ્રયોગ અમલી બનાવ્યો હતો. જેમાં બાલુભાઈ કુવરાભાઈ અને સિંગાભાઈ કીકાભાઈ નામના બે વિદ્યાર્થીઓને આ પ્રયોગ માટે પસંદ કર્યા હતા. જે અંતર્ગત આ વિદ્યાર્થીઓના માતા-પિતાને આ વિદ્યાર્થીઓને ફરીથી અભ્યાસ શરૂ કરવાના પ્રયોગની વાત સમજાવી હતી. નિશાળમાંથી ઊઠી જઈને મજૂરીએ લાગી ગયેલા ઉંમર પણ વધારે થઈ ગયેલી, ભણતર પણ ભૂલાઈ ગયેલું પણ મોટાઓ સમજણ પૂર્વક ફરી અભ્યાસ કરવાનું સ્વીકારે તો એ શિક્ષણ 'શીઘ્ર શિક્ષણ' રૂપે પરિણામદાયી બને જ એવી શ્રદ્ધા સાથે સિંગાભાઈને આગળ ભણવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.[૧૦] અને તેમને વધુ ભણવા વેડછી મોકલ્યા હતા. જેનું સુખદ પરિણામ આવ્યું હતું અને તેઓ પી.ટી.સી. કરીને શિક્ષક બન્યા હતા. અને સિંગાભાઈ નોકરીમાં આગળ વધતાં વધતાં શાળાના આચાર્ય પદ સુધી પહોંચી, ઉંમર થતાં સેવા નિવૃત્ત થયા હતા. આ પ્રયોગની સફળતા જોઈ સુમનભાઈ ઘણા ખુશ થયા હતા. સિંગાભાઈ શિક્ષક બન્યા પછી મહોલ્લાની જ એક દીકરી ચુનીબહેન સાથે તેમના લગ્ન થયા હતા. ગોવાળિયામાંથી ભણતરને પ્રતાપે શિક્ષક અને પછી આચાર્ય પદે પહોંચેલા આ દંપતિના ઘરના સંસ્કારોને લીધે તેમની દિકરી ઉષા પણ વેડછી અને સણોસરા જેવી સંસ્થાઓમાં ઉત્તમ કેળવણી મેળવી, ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં આચાર્ય પદે સેવારત થઈ હતી. આ સાથે ઉષાના ગીત-ભજનો અને તેનો રાગ એ તેની એક આગવી ઓળખ બની હતી. આમ જુગતરામભાઈએ આપેલો મોટાના શીઘ્ર શિક્ષણના પ્રયોગને સુમનભાઈએ અમલમાં મૂકીને તેને ૧૦૦% સફળ બનાવી બતાવ્યો હતો. જેનાથી જુગતરામ પણ ઘણા ખુશ થયા હતા. આમ સુમનભાઈની શિક્ષણ પદ્ધતિ ખૂબ જ પ્રયોગશીલ અને ઉમદા પ્રકારની હતી. જેના દ્વારા તેમણે કેટલાયે વિદ્યાર્થીઓનું જીવન ધન્ય બનાવી દીધું હતું.[૧૧]

**બોરિસાવર આશ્રમશાળાની સ્થાપના**

દેશની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની અહિંસક લડતની સાથે સાથે રાષ્ટ્રીય કેળવણી નઈતાલીમની કેળવણીને પણ ગાંધીજીએ એટલું જ મહત્વ આપ્યું હતું. કારણ કે ગામડાના સર્વાંગી વિકાસની ક્ષમતા કે અવકાશ નઈ તાલીમની કેળવણીમાં જણાયા હતા. પોતાના સાથીદારોને ગામડામાં જઈને ગામડાના લોકોના કલ્યાણના કામોમાં લાગી જવાનું કહેતા હતા. આ આદેશને માથે ચઢાવીને અનેક સેવાભાવી નેતાઓ અને આગળ પડતા મહાનુભાવો શહેરોની અનેક સુવિધાઓ અને સુખસગવડો વગેરે છોડીને ગામડાઓમાં જવા લાગ્યા હતા અને હોંશે હોંશે ગામડાઓની કઠણાઈને કષ્ટો વેઠીને ગરીબ દુઃખી ગ્રામજનોની સેવા કરવા લાગ્યા હતા. સુમનભાઈ ભારતી પણ આમાંના એક હતા. સોનગઢ તાલુકામાં સ્થાપેલા તીતવા આશ્રમમાં સુમનભાઈએ ૧૦ વર્ષ જેટલી સેવા આપી હતી. તેની સાથે સાથે તીતવાની નજીકમાં કન્યા આશ્રમ મઢી નામની નાની-નાની કન્યાઓને શિક્ષણ સંસ્કાર આપતી એક શિક્ષણ સંસ્થા હતી. એ સંસ્થામાં પણ સુમનભાઈની સૂઝ, શક્તિ અને દૃષ્ટિનો લાભ કન્યા આશ્રમની સંસ્થાને મળી રહેતો હતો. આ સમગ્ર સેવાની સુવાસથી આ વિસ્તારના લોકોમાં સુમનભાઈ ઉપરની લોકચાહના ઘણી વ્યાપક બની હતી.[૧૨] ૧૯૫૩-૫૪ના સમયગાળામાં જુગતરામદવેએ મુંબઈ સરકારને આશ્રમશાળા (રહેવાસી શાળા) ની યોજના બનાવીને સૂચવી હતી. જેમાં પહેલા ધોરણથી ત્રીજા ધોરણ સુધીના નાની ઉંમરના બાળકોથી શરૂ કરીને રહેવા, જમવાને, ભણવાની સગવડતાવાળી યોજના હતી. મુંબઈ સરકારે જુગતરામની આ યોજનાને મંજૂરી આપતાં આ યોજનાના અમલીકરણ માટે ભાવનાશાળી અને દીર્ઘદૃષ્ટિવાળા રચનાત્મક કાર્યકરની જરૂર હોવાથી જુગતરામભાઈના સેવક નીવડેલા સુમનભાઈની પસંદગી કરી હતી. જુગતરામભાઈ અને સુમનભાઈ વચ્ચે ઘણી ચર્ચાઓ બાદ આ યોજનાનું અમલીકરણ બોરિસાવર મુકામે કરવાનું ઠરાવ્યું હતું. સુમનભાઈની પસંદગી થઈ ત્યારે તેઓ તીતવા આશ્રમ શાળાના મુખ્ય સંચાલક હતા. એટલે તેમણે હવે તીતવા છોડીને બોરિસાવર જવાનું થયું હતું. સુમનભાઈએ તીતવાનો ગ્રામસેવાનો પ્રયોગ અધૂરો મૂકીને બોરિસાવર જવાનું નક્કી કર્યું હતું અને જુગતરામભાઈ દવેના આશીર્વાદ લઈ તેમની આજ્ઞાની અવગણના ન કરતાં તેઓ બોરિસાવરનાં કામમાં પરોવાઈ ગયા હતા.[૧૩] બોરિસાવર આશ્રમ માટે સરકારે બોરિસાવરના ગૌચરમાંથી પાંચ એકર જમીન મંજૂર કરી આપી હતી. બોરિસાવર જેવા દૂરના નાના અંતરિયાળ ગામડામાં નવેસરથી સગવડો ઊભી કરવાની હતી.[૧૪] આશ્રમશાળાની યોજના સમગ્ર રાજ્ય માટે સાવ નવી હતી.

અને સરકારી તંત્ર હજુ આઝાદીની હવામાં જેમ તેમ ગોઠવાતું જતું હતું. તેમાં આશ્રમી જીવનની તાલીમ પામેલા જુવાનનું જ કામ હતું. તેથી સુમનભાઇને આ નવતર પ્રયોગ માટે પસંદ કરાયા હતા.

સુમનભાઇ બોરિસાવર આશ્રમશાળાના મુખ્ય સંચાલક હતા. સુમનભાઇ જ્યારે બોરિસાવર ગયા હતા ત્યારે ત્યાં કોઇ જ સુવિધા ન હતી. માત્ર ચારેબાજુ ઘનઘોર જંગલ છવાયેલું હતું. ત્યાં તેમણે સાથીઓ સાથે મળીને સીતાફળીનું જંગલ સાફ કરવાની શરૂઆત કરી હતી.[૧૫] સુમનભાઇ માટે આ વિસ્તાર તદ્દન નવો હતો. મોટેભાગે ત્યાં વસાવા આદિવાસીઓની વસ્તી હતી. બોરિસાવર જવા માટે હોડી અથવા જંગલના મોટી દૂધી જેવા તરવાના ગામઠી સાધન મારફતે તાપી નદી પાર કરીને જવું પડે તેમ હતું. વળી બોરિસાવર તાપી નદીના કિનારા પર આવેલો જંગલ આચ્છાદિત પ્રદેશ હતો. રસ્તો માત્ર પગપાળા ચાલવાનો જ હતો. આજુબાજુના ગામો પણ ઘણે દૂર હતા. અહીં ગામ એટલે જયાં જગ્યા હોય ત્યાં નાના છાપરાઓ બાંધીને આદિવાસીઓ વસતા હતા એવો વિસ્તાર, આદિવાસીઓ પણ બિલકુલ નગ્ન હાલત જેવા માત્ર લંગોટી જ પહેરતા હતા. તેઓ ભણતરથી બિલકુલ અજાણ હતા. ત્યાંના આદિવાસીઓ જંગલના રક્ષકોથી ખૂબ ડરતા હતા. સાથે તેમને જંગલના કોન્ટ્રાક્ટરોના માણસોનો પણ એટલો જ ડર હતો. સુમનભાઇએ ગામે-ગામ ફરીને આગેવાનો ભેગા કર્યા હતા. અને આશ્રમશાળા માટે છોકરાઓ એકત્ર કરતા હતાં જે કામ ઘણું અઘરું હતું. આમ જંગલમાં સુમનભાઇએ શિક્ષણ માટે જે અલખ જગાવ્યો હતો તે ત્યાંના આધુનિકરણ માટે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી નીવડ્યો હતો.[૧૬] આમ સુમનભાઇ ભારતીએ પોતાને મળેલી જવાબદારીને ખૂબ સરસ રીતે પૂરી પાડી હતી. અને તેનું પરિણામ પણ ખૂબ જ સરસ આવ્યું હતું. આ રીતે આશ્રમશાળાઓમાં ભણેલા અનેક બાળકો આજે પણ આ વિસ્તારોમાં શિક્ષક તરીકે અને અન્ય સરકારી નોકરીઓમાં કાર્યરત થયેલા છે. તે બધું સુમનભાઇની ધગશ અને તેમની કુનેહને કારણે જ શક્ય થઇ શક્યું છે. હાલમાં પણ સુમનભાઈએ સ્થાપેલી આ સંસ્થાઓ કાર્યરત છે અને ત્યાંની આદિવાસી જાતિમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર પણ કરી રહી છે.

**પાદનોંધ**

૧. કૃપલાણી આચાર્ય, અનુ.નગીનદાસ પારેખ, ગાંધી વિચાર વિમર્શ, અમદાવાદ,પૃ.૨૨૬
૨. એજન, પૃ.૨૨૬
૩. એજન, પૃ.૨૨૭
૪. ભારતી આનંદ તથા ભારતી વિનય(પ્ર), આઝાદીની એક નવી લડાઇ, વંચિતોના સાથી પ્રકાશન સમિતિ,અમદાવાદ, પૃ.૪
૫. પટેલ અશોકભાઈ, રૂબરૂ મુલાકાત, બારડોલી,તા.૨૨-૦૩-૧૫
૬. ચૌધરી નારણજી વસનજીની, શ્રધ્ધાંજલી અર્પણ નોંધમાંથી, તીતવા, બારડોલી.
૭. એજન
૮. એજન
૯. એજન
૧૦. ઉપરોક્ત ગ્રંથ ૧ , પૃ.૧૨
૧૧. ઉપરોક્ત ગ્રંથ ૧, પૃ.૧૩
૧૨. ચૌધરી વીરસિંગભાઈની શ્રધ્ધાંજલી અર્પણ સંદેશમાંથી, મઢી - સોનગઢ, સુરત.
૧૩. ઉપરોક્ત પાદનોંધ-૫, પૃ.૨૬
૧૪. ચૌધરી વનમાળીભાઈ દૂરસિંહની, શ્રધ્ધાંજલી અર્પણ સંદેશમાંથી, બોરિસાવર,તાપી.
૧૫. દવે પ્રતાપભાઈની,શ્રધ્ધાંજલી અર્પણ સંદેશંમાંથી
૧૬. પટેલ વસંતાબેનની રૂબરૂ મુલાકાતના આધારે તા.૨૨-૩-૧૫, બારડોલી.